RNI Registration No. GUJ/ 27502/1974

# જાહેર નિમંત્રણ

**: તા. ૮-૫-૨૦૧૦ :**

## હોસ્પિટલ નૂતનવિંગ ઉદ્‌ઘાટન
## ઋણ સ્વીકાર

**: તા. ૯-૫-૨૦૧૦ :**

## કચ્છી લેવા પટેલ સમાજનું
## ખુલ્લું અધિવેશન








સુજ્ઞ જ્ઞાતિજનો,

સહર્ષ જણાવવાનું કે કચ્છ જિલ્લાની જાહેર આરોગ્ય સેવાઓમાં શિરમોર માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા લેવા પટેલ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના વિકાસ અને નિભાવમાં કચ્છ તેમજ વિદેશ વસતા તમામ જ્ઞાતિજનોનો સરાહનીય, કાબિલેદાદ સહયોગ છે. આપણાં સમાજની આરોગ્ય જરૂરીયાતને ધ્યાને રાખી વર્તમાન અને ભવિષ્યની દષ્ટિએ જરૂરી એવા ચાર વિભાગો (ગાયનેક, ઓર્થોપેડિક, ડેન્ટલ, પિડિયાટ્રીક્સ) નવા શરૂ કરવા તેમજ હાલની હોસ્પિટલના આઈ.સી.યુ. બેડ (પથારી) વધારવા સહિત વિસ્તરણનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંતિમ તબક્કે હોઈ તેના ઉદ્‌ઘાટન સમયે યોજાનાર કાર્યક્રમોમાં સહપરીવાર પધારવા આપ સૌને હૃદયપૂર્વકનું જાહેર આમંત્રણ પાઠવતાં આનંદ અનુભવીએ છીએ.

## કાર્યક્રમ સૂચિ

**તા. ૮-૫-૨૦૧૦, શનિવાર**

સવારે ૯ કલાકે ઉદ્‌ઘાટન-દાતા સન્માન
બપોરબાદ :
સાંસ્કૃતિક કાર્યક્રમો, ઋણ સ્વીકાર

**તા. ૯-૫-૨૦૧૦, રવિવાર**

સવારે ૯-૦૦ કલાકે કચ્છી લેવા પટેલ
સમાજનું ખુલ્લું અધિવેશન
સાંસ્કૃતિક કાર્યક્રમો, બિનનિવાસી જ્ઞાતિજનોના પ્રતિભાવ

**બન્ને દિવસ જ્ઞાતિભોજનનો લાભ લેવા જાહેર નિમંત્રણ છે.**

નોંધ : અગાઉ ઉદ્‌ઘાટન કાર્યક્રમની તા. ૭-૫-૨૦૧૦ થી ૮-૫-૨૦૧૦ બે દિવસ જાહેર કરાઈ હતી, જેમાં એક દિવસનો ફેરફાર થયો હોઈ નોંધ લેવા વિનંતી